# <u>પ્રેસનોટ</u>

**આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૦૪/૨૦૧૭ ધી ઇપીકો કલમ-૩૭૯ મુજબનો કામે ચોરીમા ગયેલ એક્ટિવા સાથે આરોપી પકડી ગુનો શોધી કાઢતી સર્વેલન્સ સ્કોડ આનંદનગર પો.સ્ટે. અમદાવાદ શહેર**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા મિલ્કત સંબતી ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ કે.બી.મીર તથા હે.કો. રાજેન્દ્રસિંહ ભીખુભા બ.નં.૩૧૯૪ તથા હે.કો.શૈલેષકુમાર મોહનભાઇ બ.નં.૪૫૫૯ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૯૪૨ તથા પો.કો.મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૮૨૮૭ તથા પો.કો.કલ્પેશકુમાર કાનજીભાઇ બ.નં.૧૦૨૫૬ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ બ:નં.૧૦૨૬૦ તથા લોકરક્ષક ભરતભાઇ ધીરૂભાઇ બ.નં.૧૦૬ નાઓ નાઓ તા.૧૫/૧૧/૨૦૧૯ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૭/30 વાગે આનંદનગર ચાર રસ્તા ખાતે આવતા <u>પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.બી.મીર</u> નાઓને ચોક્કસ ખાનગી બાતમી હકીકત મળેલ કે "એક ઇસમ કે શરીરે સફેદ પીળા જેવા કલરનો ડીઝાઇન વાળો શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે તે પોતાનાં કબ્જામાં ચોરી કરેલ સફેદ કલરની એક્ટીવા લઇ હાલ રેડીયોમીર્ચી રોડ તરફથી આવી વસ્ત્રાપુર ક્રોસીંગ થી પસાર થનાર છે" જે બાતમી હકીકત આધારે સદરી બાતમી વાળા ઇસમની વોચમા રહેતા ઉપરોક્ત બાતમી હકીકત વાળો ઇસમ એક્ટીવા લઇ આનંદનગર ફ્લેટ તરફથી આવતો જણાતા જે એક્ટીવા ચાલકને રોકી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ચેતનકુમાર લાલજીભાઇ દેસાઇ ઉવ.૨૬ રહેવાસી- ગામ. ચાંદલસર તા.સીધ્ધપુર જી.પાટણ નો હોવાનુ જણાવેલ તેમજ તેની પાસેની એક્ટીવાની આર.સી.બુક તથા જરુરી દસ્તાવેજો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને ગલ્લા તલ્લા કરવા લાગેલ અને કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી અને સદર એક્ટીવા બાબતે પુછપરછ કરતા સદર એક્ટીવા તેણે આજથી દોઢેક વર્ષ અગાઉ પ્રહલાદનગર સામેના કોમ્પલેક્ષ પાસેથી ચોરી કરેલાનું જણાવતો હોય સદરી ઇસમ પાસેની એક્ટીવા બાબતે અત્રેના આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં-૦૪/૨૦૧૭ ઇપીકો કલમ-૩૭૯ મુજબથી ગુન્હો રજીસ્ટર થયેલ હોય જેથી કાયદેસર કાર્યવાહી કરી સદર વાહનચોરીનો ગુનો શોધી કાઢિ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

તા.૧૬/૧૧/૨૦૧૯